# ૧ શરણાઈ, ઢોલક અને રંગ

M4K2H1

## ૧ ચાલો, ગાઈએ ગીતડું :




ફરો ફરોને છોકરાં ફુદરડી
જેમ ફરે ઉંદરડા ઉંદરડી,
તેમ ફરોને છોકરાં ફુદરડી.
ફરે ચાંદો સૂરજ બે ઉંદરડા
પેલી તારલીઓ સૌ ઉંદરડી,
ફરો ફરોને છોકરાં ફુદરડી
ભાગો ભાગો ઉંદરડા ઉંદરડી.

## ૨ વાર્તા : વાંસળીવાળો

એક હતું ગામ. એમાં ઘણા ઉંદર.
ઘરમાં ઉંદર, બાગમાં ઉંદર,
પેટીમાં ઉંદર, કબાટમાં ઉંદર.






મોટા ઉંદર, નાના ઉંદર,
જાડા ઉંદર, પાતળા ઉંદર,
કાળા ઉંદર, ધોળા ઉંદર,
જ્યાં જુઓ ત્યાં ઉંદર જ ઉંદર !

સુખે ખાવા ન દે, સુખે પીવા ન દે,
સુખે બેસવા ન દે, સુખે ઊંઘવા ન દે,
સુખે ચાલવા ન દે, સુખે ફરવા ન દે.






આમ જાઓ તો ચૂં ચૂં ચૂં !
તેમ જાઓ તો ચૂં ચૂં ચૂં !
જ્યાં જાઓ ત્યાં ચૂં ચૂં ચૂં !

એક એક એક

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in



હવે શું કરવું ? હવે ક્યાં જવું ?
લોક બધા કંટાળ્યા.
એક દિવસ એક વાંસળીવાળો આવ્યો.
જરાક જેટલી દાઢીવાળો,
લાંબા-લાંબા વાળવાળો;
લાલ ટોપી પહેરી છે,
પીળો ડગલો પહેર્યો છે.
લોક કહે, ''ભાઈ ! અમે તો કંટાળ્યા,
આ ઉંદરોથી હારી ગયા.
ઉંદરો સઘળા કાઢો તમે,
હજાર રૂપિયા દઈએ અમે.''
વાંસળીવાળો રસ્તા વચ્ચે ઊભો રહ્યો.
ને વાંસળી વગાડવા લાગ્યો.
પછી તો પૂછવું જ શું ?
દોડતાં-દોડતાં ઉંદરો આવવા લાગ્યા.
કોઈ નાચતાં આવ્યાં, કોઈ કૂદતાં આવ્યાં;
કોઈ દોડતાં આવ્યાં, કોઈ ઘસતાં આવ્યાં.
ચારેકોર ઉંદર, ઉંદર;
ચારેકોર ચૂં ચૂં ચૂં !
વાંસળીવાળો આગળ ચાલે.
ઉંદર બધા પાછળ દોડે.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

એટલામાં નદી આવી.

વાંસળીવાળો નદીમાં ઊતર્યો ને આગળ ચાલ્યો.

ઉંદર પણ નદીમાં ઊતર્યા.

વાંસળીવાળો નદી ઓળંગી ગયો,

ઉંદર બધા પાણીમાં ડૂબી ગયા.

લોક બધા રાજી થયા.


વાંસળીવાળો ગામમાં પાછો આવ્યો.

તે બોલ્યો, ‘‘લાવો ભાઈ, હજાર રૂપિયા.’’

લોકો કહે, ‘‘રૂપિયા કેવા ને વાત કેવી !

જા, છાનોમાનો ચાલ્યો જા !

ઉંદર મારવાના તે હજાર રૂપિયા હોય !’’





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

વાંસળીવાળો કાંઈ બોલ્યો નહિ.
વાંસળી લઈ તેણે વગાડવા માંડી.
વાંસળી વાગી પછી પૂછવું જ શું ?
એક છોકરું બહાર આવ્યું,
બીજું છોકરું બહાર આવ્યું,
ત્રીજું છોકરું બહાર આવ્યું,
બધાં છોકરાં બહાર આવ્યાં.
ઘરમાંથી આવ્યાં, બહારથી આવ્યાં,
નાનાં આવ્યાં, મોટાં આવ્યાં,
જાડાં આવ્યાં, પાતળાં આવ્યાં,
કાળાં આવ્યાં, ગોરાં આવ્યાં.
આમ જુઓ તો છોકરાં,
તેમ જુઓ તો છોકરાં !
કોઈ નાચતું આવ્યું, કોઈ કૂદતું આવ્યું,
કોઈ દોડતું આવ્યું, કોઈ ધસતું આવ્યું.
ચારેકોર છોકરાં જ છોકરાં.
ચારેકોર હો... હો... હો... !
''અરે, ઊભાં રહો, ઊભાં રહો.''
પણ છોકરાં શાનાં ઊભાં રહે ?
એ તો ચાલ્યાં નદી તરફ.
લોક બધાં ગભરાયાં, રખેને છોકરાં પાણીમાં ડૂબી જાય !
દોડીને તે નદીએ આવ્યાં.
''લે, ભાઈ વાંસળીવાળા, લે તારા હજાર રૂપિયા ને જા હવે તું બીજે ગામ.''
વાંસળીવાળો હજાર રૂપિયા લઈ ચાલતો થયો.

### ૩ વાતચીત :

૧. આ વાર્તામાં સૌથી વધારે મજા ક્યારે આવી ?
૨. આ વાર્તામાંથી કયા કયા શબ્દો યાદ છે ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૪ સાચું કે ખોટું ?

સાચું હોય તો તાળી પાડો ખોટું હોય તો ફરરર... બોલો.

| | |
|---|---|
| ૧. | ઉંદરો કોઈને ઊંઘવા દેતા ન હતા. |
| ૨. | વાંસળીવાળાને લાંબી દાઢી હતી. |
| ૩. | બધા જ ઉંદરો સરખા રંગના હતા. |
| ૪. | ગામમાં બધી જગ્યાએ ઉંદરો દેખાતા હતા. |
| ૫. | કબાટમાંથી ઉંદર નીકળતા હતા. |
| ૬. | વાંસળીનો અવાજ ઉંદરોને ખૂબ ગમતો હતો. |
| ૭. | બધા જ ઉંદરો પાણીમાં ડૂબી ગયા. |
| ૮. | ગામલોકો ઉંદરોથી દુ:ખી રહેતા હતા. |
| ૯. | વાંસળીવાળો એ જ ગામમાં રહેવા લાગ્યો. |
| ૧૦. | વાંસળીનો અવાજ બાળકોને જરાય ગમતો ન હતો. |

- ચાલો, ગાઈએ ગીતડું : **ફરો ફરોને છોકરાં ફુદરડી . . . . .**

## ૫ વાર્તા સાંભળો, ચિત્રો જુઓ અને કહો :

૧. ચિત્રમાં શું શું દેખાય છે ?
૨. ઉંદર કેવા કેવા હતા ?
૩. ચિત્રમાં કેટલા માણસો દેખાય છે ?
૪. વાંસળીવાળાએ શું શું પહેરેલું છે ?
૫. વાંસળીવાળો બાળકોને લઈને ક્યાં જાય છે ?
૬. ઘરમાં ક્યાં ક્યાં ઉંદર જોવા મળે છે ?
૭. આટલા ઉંદરો તમારી શાળામાં આવી જાય તો શું થાય ?



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૬ એટલે શું ? (√) કરો.

**૧. અમે આ ઉંદરોથી હારી ગયા.**

( ) ઉંદરો ખૂબ જ હેરાન કરતા હતા.

( ) ઉંદરો ખૂબ વધારે હતા.

**૨. વાંસળીવાળો નદી ઓળંગી ગયો.**

( ) વાંસળીવાળો નદીમાં ડૂબી ગયો.

( ) વાંસળીવાળો નદીને સામે કાંઠે પહોંચી ગયો.

**૩. ચારેકોર હો....હો....હો....**

( ) બધી બાજુ સૌ હસતા હતા.

( ) બધી બાજુથી જાત જાતના અવાજો આવતા હતા.

## ૭ ખૂટતું લખો :

૧. વાંસળીવાળાએ પહેલી વખત વાંસળી વગાડી ત્યારે ગામનાં બધાં ______ તેની પાછળ ચાલ્યાં.

૨. વાંસળીવાળાએ બીજી વખત વાંસળી વગાડી ત્યારે ગામનાં બધાં ______ તેની પાછળ ______ .

૩. ઉંદરોને ______માં લઈ જનાર વાંસળીવાળાને ગામલોકોએ ______ રૂપિયા આપ્યા નહિ.



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૮ ચિત્રોને ક્રમ આપો અને તેને આધારે વાર્તા કહો.
















Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


● ચાલો, ગાઈએ ગીતડું : ફરો ફરોને છોકરાં કુદરડી . . . . .

## ૯ કયું ગમે ?









**વાતચીત :**

ઉપરનાં ચિત્રો બતાવીને નીચે દર્શાવ્યા છે તેવા પ્રશ્નો પૂછો :

૧. આ બે ચિત્રોમાં શું સરખું છે ?

૨. આ બે ચિત્રોમાં શું જુદું છે ?


૩. તમને કયું ચિત્ર વધુ ગમે ?


૪. તમે ટીવી પર જોતાં હો તેવાં કાર્ટૂનનાં નામ લખો.




Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૦ તમને આવડે તે રીતે ચિત્ર નં. ૪ જેવું કાર્ટુન દોરો :






Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૧ વાર્તા બનાવો અને કહો :

વિદ્યાર્થીઓનાં પાંચ પાંચનાં જૂથ બનાવો. "ખિસકોલી, ઉંદર, રીંછ, મરઘી અને છોકરો બધાં મળે તો તેઓ શું કરે ?" આવી વાર્તા કે ઘટના વિચારવા કહો. ત્યારબાદ જૂથમાં બનાવેલી વાર્તા કે ઘટના વર્ગમાં કહેવડાવવી.

## ૧૨ ગીત ગાઓ :

ઉં...ઉં...ઊં... બીન વાગી, ઢમ ઢમ ઢમ ઢોલક વાગી.
આવ્યો મુછાળો મદારી, બજાઓ બચ્ચોં તાલી.
ઉં...ઉં...ઊં... બીન વાગી, ઢમ ઢમ ઢમ ઢોલક વાગી.
આ તો મોટી રસ્સી છે, એની ઉપર છોકરી છે.
ધીરે ધીરે ચાલે છે, વાંદરો વાંસળી વગાડે છે.
બજાઓ બચ્ચોં તાલી.
ઉં...ઉં...ઊં... બીન વાગી, ઢમ ઢમ ઢમ ઢોલક વાગી.
આ તો મોટી પેટી છે, એની અંદર થેલી છે.
એની અંદર સાપ છે, કાળો મોટો સાપ છે.
બજાઓ બચ્ચોં તાલી. જોર જોરસે તાલી...

## ૧૩ લખો : ક્યાં જોયું ? કેવું હતું ?

૧.  મેં જંગલમાં શિયાળ જોયું હતું. તેની પૂંછડી જાડી હતી.

૨. ______ 



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in


૩. 

૪. 

૫. 

૬. 

૭. 

૮. 

૯. 

૧૦. 



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

વિદ્યાર્થીઓને અભિનય કરવાનું કહો.


૧. ગાય પાણી કેવી રીતે પીએ ? ૩. પોપટ જામફળ કેવી રીતે ખાય ?

૨. કૂતરો પાણી કેવી રીતે પીએ ? ૪. ઉંદર જામફળ કેવી રીતે ખાય ?

## ૧૪ ધ્યાનથી જુઓ :

| ફુગ્ગા | ફુગ્ગા | હીંચકો | હીંચકો |
|---|---|---|---|
| આમ લખો. | આમ ન લખો. | આમ લખો. | આમ ન લખો. |

## લખો. જરૂર પડે ત્યાં લીટી દોરી લો :

| | | |
|---|---|---|
|  | અહીં ત્રણ ફુગ્ગા છે. | |
|  | નિમેષ પાસે નવો મોબાઈલ છે. | |
|   | હું વિજ્ઞાન વિષય ભણીશ. | |
|  | શ્રીકૃષ્ણ વાંસળી વગાડે છે. | |
|  | ઋષિમુનિઓ યજ્ઞ કરતા હતા. | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૫ વાંચો :

અમે શાળામાંથી પ્રવાસે ગયાં. અહીં અમે એક આશ્રમની મુલાકાત લીધી. આ આશ્રમમાં અનેક ગાયો અને વૃક્ષો જોવા મળતાં હતાં. અહીં કેટલાક લોકો યજ્ઞશાળાની અંદર બેઠા હતા. કેટલીક વ્યક્તિઓ અહીં યજ્ઞની તૈયારી કરતી હતી. અમારા શિક્ષક અમને આશ્રમ અંગેની માહિતી આપતા હતા. તેઓએ અમને જણાવ્યું કે અહીં મોબાઈલ વાપરી શકાય નહિ. અહીં મોબાઈલ વાપરવા ઉપર નિષેધ છે. અમે શિક્ષકની આજ્ઞાનું પાલન કર્યું.

ફકરામાંથી શ્ર, ક્ષ, જ્ઞ આવતો હોય તે શબ્દ નીચે લીટી કરવાનું કહો. ત્યારબાદ તે શબ્દોનું ત્રણ ત્રણ વખત ઝીલવાચન કરાવવું અને નીચેના કોઠામાં લખાવવા.

## લખો :

| શ્ર | ક્ષ | જ્ઞ |
|---|---|---|
| આશ્રમની | | |
| | | |
| | | |

**આપેલો શબ્દ આવે તેવું વાક્ય લખો.**

| | |
|---|---|
| ઉંદર | નાનો ઉંદર મોટા બિલાડાને છાનોમાનો જુએ છે. |
| ગામ | |
| રસ્તો | |
| પૈસા | |
| વાંસળી | |
| રૂપિયા | |
| આગળ | |
| ટોપી | |
| નદી | |



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ૧૬ વાંચો અને યોગ્ય ક્રમમાં લખો :

| | | |
|---|---|---|
| | બધાં જ કંટાળ્યાં. | |
| | બધા ઉંદર પાણીમાં ડૂબી ગયા. | |
| | છોકરાં એની પાછળ ચાલતાં થયાં. | |
| | વાંસળીવાળો આવ્યો. | |
| ૯ | વાંસળીવાળો પૈસા લઈ ચાલતો થયો. | |
| | ગામમાં બધે જ ઉંદર. | |
| | વાંસળીવાળાએ ફરી વાંસળી વગાડી. | |
| | ગામવાળાએ પૈસા આપવાની ના પાડી. | |
| ૧ | એક હતું ગામ. | |

## ૧૭ મજા... મજા :

૧.



જતીન : આ ઇનામ મને શાળામાંથી મળ્યું.
જય : એવું તો તેં શું કર્યું ?
જતીન : મેં એક સરસ કારેલું દોર્યું હતું.
ચજ્ઞેશ : અને આ મોટું ઇનામ કોણે આપ્યું ?
જતીન : એ તો મમ્મીએ આપ્યું.
જય : શાના માટે ?
જતીન : કારેલાંનું શાક ખાવા માટે.

## જુઓ અને લખો :








Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## ⟨૧૮⟩ ચાલો રમીએ :

| અ | હ | મ | દ | ન | ગ | ર |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |

| ૩૫ | ૩૬૭ | ૬૭૩ | ૫૩૫ | ૩૪૫ |
|---|---|---|---|---|
| મન | | | | |

## ⟨૧૯⟩ રંગ પૂરો :





Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in